ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની કુલ-૩૯ જગ્યાઓને તા.૨૭/૦૧/૨૦૨૬થી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0001/J/PF-1
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૦/૦૯/૨૦૨૬

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૬/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0001/J/PF-1

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૨૦૨૫/ક

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૧) પરના તા.૧૬/૦૬/૨૦૨૫ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની કુલ-૫૧ જગ્યાઓને તા.૨૭/૦૧/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ(૨) પરના તા.૦૮/૧૨/૨૦૨૫ના પત્રથી ગુજરાત અનુસૂચિત જાતિ નિગમ, ગાંધીનગરની કુલ-૫૧ જગ્યાઓ તા.૨૭/૦૧/૨૦૨૬થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા રજૂ કરેલ દરખાસ્ત સંદર્ભે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની નીચે કોષ્ટકનાં કોલમ-૫ માં દર્શાવેલ કુલ-૩૯ ભરાયેલ જગ્યાઓને નીચે દર્શાવેલ શરતોને આધારે તા.૨૭/૦૧/૨૦૨૬થી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ભરાયેલ જગ્યા આઉટ સોર્સ | ભરાયેલ જગ્યા રેગ્યુલર |
|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | મુખ્ય હિસાબી અધિકારી | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | મેનેજર | ૨ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૪ | નાયબ મેનેજર | ૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | મદદ.મેનેજર | ૩ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૬ | સીની.કલાર્ક | ૩ | ૦૭ | ૦૭ | ૦૩ | ૦૪ |
| ૭ | જુની.કલાર્ક | ૩ | ૧૧ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૮ | ડ્રાઈવર | ૩ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૯ | પટાવાળા | ૪ | ૧૯ | ૧૯ | ૧૮ | ૦૧ |
| | **કુલ** | | **૫૧** | **૩૯** | **૨૮** | **૧૧** |

**શરતો:-**

**૧.** સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**૨.** આઉટસોર્સથીથી સેવા મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્યવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

**૩.** આઉટ સોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**૪. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે** .

**૫.** નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની રહેશે.

**૬.** માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની રહેશે.

**૭.** આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

**૮.** આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

**૯.** પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

**૧૦.** આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

**૧૧.** આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

**૧૨.** આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

**૧૩.** આ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

**૧૪.** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની ખાલી જગ્યાઓ-૧૨ પૈકી મેનેજરની ૦૪ જગ્યા જે ત્રણ વર્ષથી નીચેની ખાલી જગ્યા અને મેનેજરની કુલ-૦૧ જગ્યા જે ૩ થી ૫ વર્ષ સુધીની ખાલી જગ્યા છે. તેમજ જુનિયર કલાર્કની ૦૭ જગ્યાઓ જે ત્રણ વર્ષથી નીચેની ખાલી જગ્યા છે. તે જગ્યાઓને અબેયન્સ/સ્થગિત મુક્ત કરવા નાણા વિભાગના પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૦૭/૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવશ્રી (સા. ન્યા) ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી (આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
(૫) નાણા સલાહકારશ્રી (સા. ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
(૮) નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
(૧૦) મેનેર્જીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
(૧૩) સિલેક્ટ ફાઈલ– ૨૦૨૬